INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                 તા. ૦૯-૦૬-૨૦૨૬

- **ભૂતીયું ડિમોલિશન કરનાર બિલ્ડર, પોલીસ અને મળતિયા પર લેન્ડગ્રોબિકનો ગુનો નોંધી જેલમાં નાખો : શ્રીઅમિત ચાવડા**
- **ડિમોલિશનના કારણે બેઘર થયેલા ગરીબ પરિવારોને વૈકલ્પિક મકાન આપો : શ્રીઅમિત ચાવડા**
- **ગેરકાયદેસર ડિમોલિશન કોણે કરાવ્યું? પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનર જવાબ આપો : શ્રી અમિત ચાવડા**
- **બિલ્ડરોને ફાયદો કરાવવા પોલીસ, પ્રશાસન,કમિશનર અને ત્યાના વતની ઉપ મુખ્યમંત્રી સહિતના લોકોની ભાગીદારી : શ્રીઅમિત ચાવડા**
- **આગામી 3 દિવસમાં જવાબદારો સામે FIR કરવામાં નહીં આવે તો, પ્રદેશ કોંગ્રેસ સુરત જઈને સ્થાનિક નેતા રહીશો સાથે ઉગ્ર આંદોલન કરશે : શ્રીઅમિત ચાવડા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીય શ્રી અમિતભાઈ ચાવડાએ ભાજપના રાજમાં ચાલતું ભૂતીયું ડિમોલિશન અંગે પ્રેસ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે,ગુજરાતમાં ભાજપના રાજમાં બિલ્ડરો, ભૂમાફિયાઓ અને સરકારમાં બેઠેલા મિલીભગતથી ગરીબોની જમીનો પચાવી પાડવાનું એક સુવ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું છે. વગદાર લોકો તથા મોટા ઉદ્યોગપતિઓના દબાણો સામે કડક કાર્યવાહી કરવાને બદલે સામાન્ય અને ગરીબ વર્ગના પરિવારોના ઘરો પર બુલડોઝર ચલાવવાની બેવડી નીતિ ભાજપ સરકારમાં ચાલી રહી છે. આ જ પ્રકારની એક ચોંકાવનારી ઘટના સુરતના વેડ દરવાજા વિસ્તારમાં ખાતે બની છે, જ્યાં કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના કે કાયદેસરની નોટિસ આપ્યા વિના, પોલીસ કાફલા (ખાસ કરીને SOG અને LCB ટીમો)ની હાજરીમાં અચાનક બુલડોઝરો લાવીને ગરીબોના ૧૦૦ કરતાં પણ વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા.આ અમાનવીય તોડફોડ બાદ જ્યારે જવાબદારી અંગે સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ તંત્ર દ્વારા આ કાર્યવાહીમાં કોઈ હાથ ન હોવાનો દાવો કરીને પલ્લું ઝાડી લેવામાં આવ્યું છે. સત્તાવાર આદેશ વિના આટલા મોટા પાયે 'ભૂતીયું ડિમોલિશન' કોણે કર્યું અને આ ગેરકાયદેસર પ્રક્રિયા માટે પોલીસ પ્રોટેક્શન કોણે પૂરું પાડ્યું ? તે સવાલો આજે પણ વણઉકલ્યા છે.

છેલ્લા 10 દિવસથી સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલ ઉધનાવાલા અને વિપક્ષના નેતા અર્શદ જરીવાલાની આગેવાનીમાં અનેક આગેવાનો, કાર્યકરો અને વિસ્તારના રહીશો આંદોલન કરી રહ્યા છે.પોલીસ ફરિયાદ નોંધવા માટે રજૂઆત અને  અરજીઓ આપી રહ્યા છે. પરંતુ દસ દિવસથી સતત રજૂઆતો છતાં કોઈ પોલીસ કાર્યવાહી થઈ નથી.બિલ્ડરોને ફાયદો કરાવવા માટે પોલીસ,પ્રશાસન,કમિશનર અને ત્યાના વતની ઉપ મુખ્યમંત્રી સહિતના લોકોની આમાં ભાગીદારી રહેલી છે. જે પણ પોલીસ અધિકારીઓએ ખોટી રીતે પોલીસ રક્ષણ આપ્યું તથા  જે લોકો સામેલ હોય તેની સામે FIR કરો. જો FIR કરવામાં નહીં આવે તો અગામી  ત્રણ દિવસ પછી પ્રદેશ કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ સુરત જશે. ત્યા સ્થાનિક નેતા અને લોકોને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. આ લડાઈ ગરીબોના ન્યાયની લડાઈ છે, જ્યા સુધી ન્યાય ન મળે ત્યા સુધી લડત આગળ પણ ચાલુ રહેશે. પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર અને સરકારને કહેવું છે કે, જે પણ જવાબદારો છે એની સામે તાત્કાલિક કાર્યવાહી કરો અને જેના ઘરો તૂટી ગયા છે એને તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા આપો.

**નાશીર નગર સ્લમ વસાહતના સુ-મનપા દ્વારા ડીમોલેશન થયેલ અસરગ્રસ્ત પરિવારો માટે સુરત શહેર કોંગ્રેસ/પ્રદેશ કોંગ્રેસ સમિતિની નીચે મુજબ માંગણીઓ છે.**

- શહેર વિકાસ અર્થે સુ-મનપા દ્વારા ડીમોલેશન થયેલ નાશીર નગર સ્લમ વસાહતનાં અસરગ્રસ્ત પરિવારોનું તાકીદે સર્વે કરી એમને સુમનપા સ્થાયી સમિતિના ઠરાવ નં. ૧૮૩૮/૨૦૦૭ (તા. ૨૮/૧૨/૨૦૦૭) અથવા ઠરાવ નં. ૬૭૧/૨૦૨૬ (૯/૩/૨૦૨૬) મુજબ તાત્કાલિક અસર થી વૈકલ્પિક આવાસની ફાળવણી કરવી.

- નાશીર નગર સ્લમ વસાહતનાં તમામ કાચા-પાકા મકાનોના ઘરવેરા બીલ સુમનપા નોર્થ (કતારગામ) ઝોન આકારણી વિભાગ થી દરવર્ષે આવે છે તેમજ પ્રાથમિક સુવિધાઓના કાર્ય પણ સદર ઝોન દ્વારા થતા હોય ત્યારે આ સ્લમ વસાહતને સેન્ટ્રલ ઝોન કાર્યપાલક ઈજનેર જયંત જીવનરામજીવાલા અને એની ટીમ દ્વારા સ્લમ વસાહતના વૈકલ્પિક આવાસ ફાળવણી માટે સ્થાયી સમિતિ દ્વારા થયેલ વિવિધ ઠરાવોને ધ્યાને લીધા વિના માત્રને માત્ર બિલ્ડર હિતને પ્રાધાન્ય આપવા ડીમોલેશન કરેલ હોય આવા ભ્રષ્ટ કાર્યપાલક ઈજનેર જયંગ જીવનરામજીવાલાને એની ફરજમાં કરેલ ગંભીર ચૂક સાથેની બેદરકારી બદલ તાત્કાલિક અસર થી સસ્પેન્ડ કરવા.

હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
મો. ૯૮૯૮૩૩૦૩૮